# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા માટે

# માનનીય મંત્રી શ્રી ઋષિકેશ પટેલનું

# પ્રવચન

# તા. 9 ફેબ્રુઆરી 2024

**વિભાગ**

આરોગ્ય, શિક્ષણ, કાયદો, વૈધાનિક અને સંસદીય બાબતો,

અન્ન નાગરિક પુરવઠો, પાણી પુરવઠા, જળસંપતિ, નર્મદા

પંચાયત, ગ્રામવિકાસ ,

માર્ગ અને મકાન વિભાગ, સહકાર , પ્રવાસન

સામાન્ય વહિવટ વિભાગ અને આપત્તિ વ્યવસ્થાપન

**માનનીય અધ્યક્ષશ્રી,**

માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ માનનીય નાણામંત્રી શ્રી કનુભાઇ દ્વારા વર્ષ 2024-25નું જે અંદાજપત્ર ગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું છે તેને હું આવકારુ છું.

ગુજરાતના પનોતા પુત્ર , વિશ્વના સૌથી લૌકપ્રિય નેતા અને આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ **વર્ષ 2047 સુધીમાં વિકસીત ભારત** બનાવવાનો સંકલ્પ કર્યો છે.

સમગ્ર દેશ જ્યારે આઝાદીના સુવર્ણકાળની ઉજવણી કરી રહ્યું હશે ત્યારે આપણે **વિકાસશીલ નહીં પરંતુ વિકસીત ભારતવાસી તરીકેની ઓળખ સમગ્ર વિશ્વમાં ઉભી કરી શકીએ** તે માટે વડાપ્રધાનશ્રીના આ સંકલ્પમાં **ગુજરાત સારથી બનશે** તેવો મને દ્રઢ પણે વિશ્વાસ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના સક્ષમ નેતૃત્વ અને વૈશ્વિક સંબંધોની પહેલના પરિણામે અતિ મહત્વની કહી શકાય એવી G-20 બેઠકોની યજમાની ભારતે કરી.

વિશ્વની 75% થી વધારે વસતી અને વિશ્વની જી.ડી.પી.માં 85% યોગદાન ધરાવતા આ G-20 દેશો ભારતમાં એકઠા થયા.

તેઓ એકઠા થયા વિશ્વના ઉજ્જવળ ભવિષ્ય માટે ભારતથી કંઇક શીખવા માટે ભારતે કરેલી પહેલ, વસુદૈવ કુટુંબકમના મંત્રને કેન્દ્રમાં રાખીને સમગ્ર વિશ્વ એક પરિવાર છે તે ભાવના આપણા ભારતે સૌને સમજાવી.

માનવ સંસાધન, લોકોની સમૃધ્ધિ, વિકાસની મુખ્યધારામાં સમાજના દરેક વર્ગને જોડવા, વિકાસને છેવાડાના માનવી , દુર્ગમ વિસ્તારમાં રહેતા નાગરિકો સુધી પહોંચાડવું, **ન્યુ એજ ટેકનોલોજીના ઉપયોગથી ઇઝ ઓફ લિવીંગ સાથેનું ડેવલપમેન્ટ** આ તમામ દેશોને શીખવાડવા માટે ભારત દેશની ભૂમિકા માર્ગદર્શક તરીકેની બની રહીં.

**ગુજરાતના પરિપ્રેક્ષ્યમાં વાત કરીએ તો ભારતમાં મળેલી G-20 ની કુલ બેઠકો માંથી મહત્તમ 17 બેઠકો ગુજરાતને મળી.**

ગુજરાતમાં ટુરિઝમ, હેલ્થ, શહેરી વિકાસ જેવા વિષયો પર જી-20ની બેઠકો યોજાઇ. નરેન્દ્રભાઇ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે જે કાર્યશૈલી ગુજરાતમાં વિકસાવીને ગુજરાતનો વિકાસ કર્યો એ આજે સમગ્ર વિશ્વમાં **ઉડીને આંખે વળગી** રહ્યો છે.

ગુજરાતમાં હાથ ધરાયેલ ઘણી પહેલ આજે સમગ્ર દેશ માટે પણ અનુકરણીય બની રહી છે. **જે લાભ ગુજરાતીઓ ઉપરાંત આજે ભારતવાસીઓ લઇ રહ્યાં છે.**

આ વર્ષે આપણે વાઇબ્રન્ટ ગુજરાત સમીટના દસમી આવૃતિનું આયોજન કર્યું . જે ખુબ જ સફળ રહી.

નરેન્દ્રભાઇએ વર્ષ 2003માં શરૂ કરેલ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની પહેલ આજે દેશના ઘણાંય રાજ્યો માટે અનુકરણીય બની છે.

વિશ્વના દેશોને એક જ ફલક પર ભેગા કરીને રોકાણની તકો ઉભી કરવી આ દુરંદેશી વિચારધારાનો લાભ ગુજરાતને મળ્યો અને આજે આપણે તેના પરિણામો જોઇ શકીએ છીએ.

**આ વર્ષે યોજાયેલ વાઇબ્રન્ટ સમીટમાં 140 થી વધુ દેશોમાંથી 61 હજાર થી વધુ પ્રતિનિધીઓએ જોડાયા.**

આ વાઇબ્રન્ટના પગલે કુલ રૂ. 45.20 લાખ કરોડનું સંભવિત રોકાણ આવવાની સંભાવના છે જેના થકી અંદાજીત 80 લાખ લોકોને રોજગારી પણ મળી રહેશે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

## ચરૈવેતી ચરૈવેતી યહી તો મંત્ર હૈ હમારા

ભારતીય જનતા પાર્ટી સત્તાના મદમાં રહેનારી પાર્ટી નથી પરંતુ હંમેશા પ્રજાના વચ્ચે રહીને પ્રજા માટે , પ્રજાનું વિચારવા વાળી અને કામ કરનારી સરકાર છે.

## પ્રજાકલ્યાણ થી જ રાષ્ટ્ર કલ્યાણ એ અમારો ધ્યેય મંત્ર છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આજે ગુજરાતનું વિકાસ મોડલ સમગ્ર દેશ માટે રોલ મોડલ બન્યું છે.

**સતત 29 વર્ષથી ભારતીય જનતા પાર્ટીના શાસન અને સેવાપધ્ધતિ પર જનતા એ મહોર લગાવી છે. ગુજરાતમાં પોલોટીકલ સ્ટેબીલીટીના પરિણામે જ આજે ગુજરાતનો વિકાસ અને ગુજરાત મોડલ અન્ય દેશ માટે પથદર્શક બન્યું છે.**

**અમે એમ નથી કહેતા કે 29 વર્ષ પહેલાની સરકારે વિકાસ કાર્યો નથી કર્યા.**

**તેઓ પ્રથમ અને બીજા ગીયરમાં વિકાસ કાર્યો કરતા. જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર પાંચમાં ગીયરમાં વિકાસ કાર્યો આરંભે છે.**

જે વિકાસ કાર્યો હાથ ધરે છે તેને તીવ્ર ગતીએ પૂર્ણ પણ કરે છે.

**આજે આપણું ગુજરાત રાજ્ય દેશના વિકાસનું સારથી બન્યું  છે.**

**આજે આપણું ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે.**

**આજે આપણું ગુજરાત પર્યટન માટેની ફર્સ્ટ ચોઇસ અને રોકાણકાર માટે બેસ્ટ ચોઇસ બન્યું છે.**

**આજે આપણું ગુજરાત મહિલાઓ માટે શાંતિ અને સલામતીનો અહેસાસ બન્યું છે.**

**આજે આપણું ગુજરાત અન્ય રાજ્યના લોકો માટે પણ રોજગારી માટેની ચોઇસ બન્યું છે.**

## કોવિડમાં બહારથી એક પણ ટ્રેન આવી નહોતી

**ગુજરાતની આ કાયાપલટ કરવામાં ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનો સિંહફાળો રહ્યો છે. તે અમે ગર્વ થી કહીએ છીએ અને આ ફક્ત ગુજરાતી જ નહીં સમગ્ર ભારતવાસી માને છે.**

## કેમકે આ મોદીની ગેરંટી છે

**માનનીય અધ્યક્ષશ્રી,**

નરેન્દ્રભાઇ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમણે ગુજરાતના વિકાસના નવા અધ્યાયનો પ્રારંભ કર્યો હતો.

જેને આજે દાયકો બાદ પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની સરકાર આગળ ધપાવી રહી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

અમારી સરકાર,ફક્ત ચૂંટણીને ધ્યાનમાં રાખીને કોઇપણ વિકાસ કાર્યો કરતી નથી કે હાથમાં લેતી નથી.

પરંતુ આજનું કરેલું કાર્ય આવનારા ગુજરાતના ઉજ્જવળ ભવિષ્યમાં કેવા પરિણામ આપશે તેને કેન્દ્રમાં રાખીને જ નિર્ણય કરે છે.

આ વર્ષનું બજેટ સમાજના દરેક વર્ગને સમાવિષ્ટ કરતું , સમાજના દરેક વર્ગને  લાભાન્વિત કરતું બજેટ છે.

બાળક થી લઇ વૃધ્ધો સુધી, યુવાનો, મહિલાઓ, ખેડૂતો, દર્દીઓ,ને સમાવિષ્ટ કરતું બજેટ છે.

**Living Well And Earning Well** ના સૂત્રને કેન્દ્રમાં રાખીને તૈયાર કરાયેલ આ વર્ષનું બજેટ ગુજરાતના પ્રત્યેક નાગરિકના જીવનને સુખમય બનાવવાની સાથે તેના જીવનમાં સમૃધ્ધિ લાવવાનું કાર્ય અમારી સરકારે કર્યું છે.

**આ વર્ષનું બજેટ ગુજરાતને 5G બનાવશે**

**ગરવી ગુજરાત – અન્ય પ્રદેશોથી શ્રેષ્ઠ હોય એવું ગરવું ગુજરાત**

**ગુણવંતુ ગુજરાત- મૂલ્યનિષ્ઠ નાગરિક જીવન, પર્યાવરણ સંતુલન અને સાંસ્કૃતિક વારસાના જતન સાથેનું ગુણવંતુ ગુજરતા**

**ગ્રીન ગુજરાત - રિન્યુએબલ એનર્જી અને સરક્યુલર ઇકોનોમીને પ્રાધાન્ય આપતું ગ્રીન ગુજરાત**

**ગ્લોબલ ગુજરાત – સમગ્ર વિશ્વ સાથે આર્થિક અને સાંસ્કૃતિક રીતે જોડાયેલું ગ્લોબલ ગુજરાત**

**ગતિશીલ ગુજરાત – અન્ય પ્રદેશો કરતા વૃધ્ધિ દર વધું હોય તેમજ બદલાતી વૈશ્વિક પરિસ્થિતિઓમાં પણ આર્થિક રીતે અગ્રેસર રહે તેવું ગતિશીલ ગુજરાત**

સર્વસમાવેશક, અને સમતોલિત વિકાસનું સાક્ષી રહેલું આપણું ગુજરાત આ વર્ષે 3 લાખ 32 હજાર કરોડના ઐતિહાસિક બજેટનું સાક્ષી બન્યું છે.

**માનનીય અધ્યક્ષશ્રી**

સેવાના બે શ્રેષ્ઠ માધ્યમ છે. શિક્ષણ અને આરોગ્ય

આપણી સંસ્કૃતિમાં આ બંન  પ્રોફેશન નહીં પણ સેવાના માધ્યમ ગણાયા છે.

આપણા ત્યાં કહેવાય છે કે **પહેલું સુખ તે નિરોગી કાયા, સર્વે સન્તુ નિરામયા ..** જે સમાજનો પ્રત્યેક વર્ગ સ્વસ્થ હોય,તે રાજ્ય તંદુરસ્ત હોય છે.

**માનનીય અધ્યક્ષશ્રી**

મને કહેતા આનંદ થાય છે કે, આ વર્ષે રાજ્ય સરકારે  આરોગ્ય અને પરિવાર કલ્યાણ માટે **રૂ. 20,100 કરોડની ઐતિહાસિક જોગવાઇ કરી છે.**

**જે સમગ્ર બજેટના 6.05 % જેટલી છે.**

**જે ગત વર્ષના આરોગ્યના બજેટ કરતા 32.4 % જેટલી વધારે છે.**

મિત્રો, સ્વસ્થ ગુજરાત થી તંદુરસ્ત રાષ્ટ્ર નિર્માણ માટેની અમારી કટિબધ્ધતા સુચવે છે.

માળખાકીય સેવા-સવલતો ઉપરાંત, વર્ષોથી સમાજમાં રહેલા આરોગ્યવિષયક પડકારોને પણ સરકાર અને સમાજના સહિયારા પ્રયાસોથી ડામવા માટેના પ્રયત્નો અમેં આ વર્ષના બજેટમાં કર્યા છે.

કુપોષણ જેવા વિષયને જળમૂળથી નાબૂદ કરવા માટેની વ્યૂહરચના અમેં બનાવી છે.

**માતા મૃત્યુદર અને બાળમૃત્યુદરમાં ઘટાડો થાય તે હેતુસર હાઇરિસ્ક ધરાવતી સગર્ભા મહિલાઓની સંસ્થાકીય પ્રસૂતિ કરાવવા અને ત્યારબાદ હોસ્પિટલ ખાતે રોકાણ કરી સારવાર આપવા માટે રૂ. 15 હજાર રૂપિયા અને આશા બહેનોને રૂ. 3 હજાર ની પ્રસુતિદીઠ પ્રોત્સાહન રકમ આપવાની નવી યોજના લાવ્યા છીએ.**

**જેનાથી અમને વિશ્વાસ છે કે, રાજ્યમાં રહેલા પ્રવર્તમાન માતા મૃત્યુ અને બાળમૃત્યુદરમાં મહદઅંશે ઘટાડો આવશે.**

**માનનીય અધ્યક્ષશ્રી,**

કુપોષણનો મુદ્દો સામાજીક જાગૃકતાના પરિણામે પણ કાબુ મેળવી શકાય તેમ છે .

સરકાર તેનાથી બનતું બધુ કરે જ છે, ફોલીક એસિડની ટેબલેટ આપવાની વાત હોય કે, પૌષ્ટિક આહારની કે પછી કુપોષિત બાળકને સુપોષિત કરવા માટેની સાર સંભાળ

પરંતુ સામાજીક અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહિયારા પ્રયાસ અને આપણી સ્વૈચ્છિક પહેલના પરિણામે જ આપણે પ્રત્યેક ગામ, મહોલ્લા, શહેર અને રાજ્યને કુપોષણ મુક્ત બનાવી શકીશું.

**જે માટે "મારૂ ગામ , કુપોષણ મુક્ત ગામ" જેવી પહેલમાં સૌએ જોડાવવું પડશે.**

**માનનીય અધ્યક્ષશ્રી**

રાજ્યના પ્રત્યેક જિલ્લામાં મેડિકલ કૉલેજ કાર્યરત બને તે દિશામા અમારી સરકારે પ્રયત્નો હાથ ધર્યા છે.

**હાલ રાજ્યમાં કાર્યરત 40 સરકારી મેડિકલ કૉલેજમાં 7050 જેટલી બેઠકો કાર્યરત છે.**

મેડિકલ કૉલેજ અને હોસ્પિટલ સાથે ત્રિ-સ્તરીય આરોગ્ય વ્યવસ્થા અંતર્ગત તમામ આરોગ્ય કેન્દ્રોના બાંધકામ અને સાધનોની વ્યવસ્થાઓને સુદ્રઢ કરવા માટે **રૂ.2308 કરોડના** રકમની જોગવાઇ કરાઇ છે.

જે રાજ્ય મેડિકલ સેવા-સુવિધાઓની માળખાકીય સવલતોને વધુ સુદ્રઢ બનાવશે.

આરોગ્ય માળખું સુદ્રઢ બને, સુપર સ્પેશ્યાલિસ્ટ સેવાઓ એક જ અમ્બ્રેલા હેઠળ ઉપલબ્ધ બને તે પ્રકારનું આ આયોજન છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

અમારી સરકારે આરોગ્ય સેવાઓનું વિકેન્દ્રીકરણ કરીને, દૂર –સુદૂર , ડુંગરાળ અને અંતરિયાળ વિસ્તારોમાં પહોંચતી કરી છે.

અમદાવાદ સિવિલ મેડિસીટીની તર્જ પર રાજ્યમાં વડોદરા, સુરત,રાજકોટ, ભાવનગર અનેજામનગર માં મેડિસીટી તૈયાર કરવામાં આવી રહી છે.

એક જ કેમ્પસમાં કિડની, કેન્સર, હૃદયરોગ, આંખના રોગ જેવી તમામ વિભાગોની સુપરસ્પેશ્યાલિસ્ટ સેવાઓ ઉપલબ્ધ બને તે અમારો ધ્યેય છે.

અમદાવાદ સિવિલ મેડિસીટીની સ્પાઇન ઇન્સ્ટીટ્યુટ, આંખની એમ.એન્ડ જે ઇન્સ્ટીટ્યુટ અને ડેન્ટલ હોસ્પિટલને પણ ઓટોનોમસ બનાવવા રૂ. 100 કરોડની નાણાકીય જોગવાઇ કરીને આ તમામ સંસ્થાઓના અત્યાધુનિકરણ અને નવીનીકરણ માટેનો પાયો આ વર્ષના બજેટમાં અમે મુક્યો છે.

આ સંસ્થાઓને મજબૂત બનાવીને ફક્ત અમદાવાદ કે આસપાસના શહેરો , નગરો નહીં પરંતુ સમગ્ર ગુજરાતના જન જનને આ આરોગ્ય સંસ્થાઓની સેવાનો લાભ મળે તેવા ભગીરથ પ્રયાસ આ વર્ષના બજેટમાં કરવામાં આવ્યા છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

પ્રવર્તમાન જીવનશૈલીને જોતા બિનચેપી રોગોનું પ્રમાણ વધતુ જાય છે. કેન્સર, કિડની અને હૃદયરોગ સંબંધિત રોગોનું પ્રમાણ વધ્યુ છે.

ગુજરાત સરકાર દ્વારા દર શુક્રવારે એન.સી.ડી. કેમ્પ ચલાવવામાં આવે છે.

અત્યાર સુધીમાં રાજ્યના 30 થી વધુ વયના 2.29 કરોડ લોકોનું સ્ક્રીનીંગ કરાયું છે.

**કેન્સરની વર્લ્ડ ક્લાસ સારવાર માટે સાયક્લોટ્રોન અને પ્રોટોન જેવી થેરાપી માટે રૂ. 600 કરોડ રૂપિયાની જોગવાઇ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ સરકારે કરી છે.**

અંદાજીત રૂ. 25 થી 30 લાખના ખર્ચે કેન્સરની આ અત્યંત ખર્ચાળ સારવાર સરકારી ખર્ચે વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવનારૂ ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ રાજ્ય બનશે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

એલોપેથી સારવાર પધ્ધતિની સાથે આપણી પૌરાણિક ઉપચાર આયુર્વેદિક ચિકિત્સા પધ્ધતિને પણ એટલું જ પ્રાધાન્ય મળે , તેનો વ્યાપ વધે , લોકો આયુર્વેદ તરફ પાછા વળે તે માટે આ વર્ષના બજેટમાં ખાસ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

**ગુજરાતમાં આયુષ સેવાઓને અદ્યતન બનાવવા આયુર્વેદિક કોલેજ અને હોસ્પિટલ, કોલવડાને સેન્ટર ઓફ એક્સલન્સ તરીકે વિકસાવવા અને આયુષ હેઠળના દવાખાનાઓને સુદ્રઢ બનાવવા રૂ. 482 કરોડની જોગવાઇઓ કરવામાં આવી છે.**

ફુડ સેમ્પલીંગ અને ટેસ્ટીંગની પ્રક્રિયા વધુ સરળ અને ત્વરિત બને તે માટે સુરત ખાતે ખોરાક અને ઔષધ નિયમનની નવીન કચેરી સ્થાપવા માટે રૂ. 87 કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

## શિક્ષણ

**માનનીય અધ્યક્ષશ્રી,**

સમૃધ્ધ અને વિકસીત સમાજ અને રાષ્ટ્રના નિર્માણ માટે શિક્ષણ એ મહત્વનો પાયો છે.

એક શિક્ષિત બાળક, એક પરિવાર, એક શેરી, મહોલ્લો, ગામ, શહેર, રાજ્ય અને દેશની કાયાપલટ કરી શકે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની સરકારે શિક્ષણને હંમેશા પ્રાધાન્ય અને અગ્રિમતા આપીને બજેટની ફાળવણી કરી છે.

એટલે જ આ વર્ષના બજેટમાં શિક્ષણ વિભાગ માટે રૂ. 55,114 કરોડ રૂપિયાના રકમની ફાળવણી કરવામાં આવી છે.

આમ 75,000 હજાર કરોડ રૂપિયા આરોગ્ય અને શિક્ષણ વિભાગને

**યત્ર નાર્યસ્તુ પુજ્યન્તે, રમયન્તે તત્ર દેવતા**

**નમો લક્ષ્મી અને નમો સરસ્વતી જેવી** યોજનાઓની નવીન પહેલ કરીને રાજ્યની દિકરીઓને શિક્ષીત બનાવવા,સશક્ત બનાવવાની કામગીરી રાજ્ય સરકારે હાથ ધરી છે.

## નમો લક્ષ્મી યોજના –

રાજ્યમાં સરકારી , અનુદાનિત અને ખાનગી શાળાઓમાં કન્યાઓ, ધોરણ 9 થી 12 સુધીનો અભ્યાસ પૂર્ણ કરે તે હેતુથી આ યોજના અમલી કરવામાં આવશે.

જેથી દિકરીઓનો ડ્રોપ આઉટ રેટ ઘટશે.

અંદાજીત 10 લાખ જેટલી દિકરીઓને આ યોજનાનો લાભ મળશે જે માટે આ વર્ષે બજેટમાં રૂ. 1250 કરોડની જોગવાઇ કરાઇ છે.

**9 અને 10 માં રૂ. 20 હજાર**

**11 અને 12 માં 30 હજાર**

## નમો સરસ્વતી યોજના –

**ધોરણ 10 ની બોર્ડ પરિક્ષામાં 50 % થી વધુ મેળવનાર અને ધોરણ 11 અને 12 માં ગુજરાત બોર્ડમાં વિજ્ઞાન પ્રવાહ મેળવનાર પાંચ લાખ પ્રતિભાશાળી દિકરીઓને સ્કોલરશીપ આપવામાં આવશે.**

**જેમાં ધોરણ 11 માં પ્રવેશ મેળવનાર ને રૂ. 10,000 અને**

**ધોરણ 12 મા પ્રવેશ મેળવનારને રૂ. 15,000ની સ્કોલરશીપ અપાશે.**

**માનનીય અધ્યક્ષશ્રી,**

મિશન સ્કૂલ્સ ઓફ એક્સલન્સ અંતર્ગત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના ઇન્ફ્રાસ્ટ્રકચર એપગ્રેડેશન માટે રૂ. 3000 કરોડની ફાળવણી કરી છે.

યુવાઓ ભણે અને શ્રેષ્ઠત્તમ શિક્ષણ મેળવે તે માટે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના કાર્યરત છે. જેમાં 75 હજાર વિદ્યાર્થીઓને લોન સહાય આપવા માટે રૂ. 400 કરોડની જોગવાઇ કરાઇ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન હેઠળ સમગ્ર દેશમાં 34 વર્ષ બાદ લાગુ કરાયેલ નેશનલ એજ્યુકેશન પોલીસી-2020 અંતર્ગતની તમામ જોગવાઇઓના અમલીકરણમાં ગુજરાત હંમેશાથી અગ્રેસર રહ્યું છે.

સરકારી ડિગ્રી ઇજનેરી /પોલીટેકનીક કૉલેજો ખાતે  ભાવિ ક્ષેત્રો જેવા કે ગ્રીન હાઇડ્રોજન ટેકનોલોજી, ફિનટેક વગેરેના સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના કરવા અને

વિશેષપણે

**સ્પોર્ટ્સ ટેકનોલોજી સેન્ટરની સ્થાપના કરવા માટે રૂ. 35 કરોડની જોગવાઇ કરી છે.**

આ નવીન અભિગમ અને પહેલના પરિણામે રમતવીરોના કૌશલ્ય અને ટેકનોલોજીના સમન્વય થી ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય અને ઓલિમ્પિક સ્તરના ખેલાડીઓ તૈયાર થશે.

## અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો

માનનીય અધ્યક્ષશ્રી,

ભૂખ્યાને ભોજન આપવું એ આપણી ભારતીય સંસ્કૃતિમાં સૌથી મોટું સત્કાર્ય માનવામાં આવ્યું છે.

કોરોના જેવી વિષમ પરિસ્થિતિઓમાં પણ કોઇપણ જાતના આઇડીકાર્ડ, કે ક્રાઇટેરીયા જોયા વિના ગરીબ અને જરૂરિયાતમંદને વિનામૂલ્યે રાશન આપવાનું કાર્ય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વની સરકારે કર્યું છે.

ગુજરાતના આ વર્ષના બજેટમાં અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ માટે કુલ ૬૨,૭૧૧ કરોડની જોગવાઈ કરાઇ છે.

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના દ્વારા રાજયના ૭૨ લાખ કુટુંબોને છેલ્લાં ચાર વર્ષમાં ૬૮ લાખ મેટ્રીક ટન અનાજ વિનામૂલ્યે પૂરૂ પાડી સરકારે ભગીરથ કાર્ય કરેલ છે.

**<u>રાજ્યનો કોઇપણ ગરીબ ભૂખ્યુ ન સુવે તેની દરકાર અમારી સરકારે કરી છે.</u>**

<u>રોટીની વ્યવસ્થા સરકારે કરી અને કુટુંબની બીજી પ્રાયોરીટીને મહત્વ કુટુંબ આપી શકે.</u>

• NFSA રેશનકાર્ડ ધારકોને રાશનની સાથે પ્રોટીનયુક્ત પોષણક્ષમ આહાર પણ મળી રહે તે માટે તુવેરદાળ અને ચણાના વિતરણ માટે રૂ. ૭૬૭ કરોડની જોગવાઇ કરાઇ છે.

•નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ-૨૦૧૩ હેઠળ અગ્રતા ધરાવતા અંદાજે ૭૨ લાખ કુટુંબોને NFSA હેઠળ આવરી અનાજ પૂરું પાડવા માટે ૬૭૫ કરોડની જોગવાઇ કરી.

અમારી માતા-બહેનો ચૂલામાં રસોઇ બનાવવાથી દૂર રહે, સ્વાસ્થપ્રદ વાતાવરણમાં રસોઇ કરી શકે તે માટે વડાપ્રધાનશ્રીએ "પ્રધાનમંત્રી ઉજ્વલા યોજના" કાર્યાન્વિત કરી છે.

**રાજ્ય સરકારે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના અને રાજ્ય સરકારની "પીએનજી/એલપીજી સહાય યોજના"ના અંદાજે ૩૮ લાખથી વધુ લાભાર્થીઓને ઘરગથ્થુ વપરાશ માટે વર્ષમાં બે વખત વિનામૂલ્યે ગેસ સિલીન્ડર રિફીલીંગ કરી આપવા ૫૦૦ કરોડની જોગવાઇ કરી છે.**

**પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓ - 38 લાખ**

**રાજ્ય સરકારની પી.એન.જી – એલ.પી.જી સહાયના લાભાર્થીઓ- 20 હજાર**

**કુલ -38.20 લાખ**

**(ઉજ્જવલા લાભાર્થી માટે ભારત સરકારની સબસિડી – રૂ. 300/-)**

રૂ.1100 - રૂ.300 એટલે અંદાજીત રૂ. 800

સમગ્ર વિશ્વના નાગરિકો પોષણ યુક્ત આહાર અપનાવે,મહિલા અને બાળકોમાં કુપોષણનું પ્રમાણ ઘટે તે માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ **2023 ના વર્ષને આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ** તરીકેનો ઉજવવાનો પ્રસ્તાવ વિશ્વ સમક્ષ મૂક્યો ત્યારે સમગ્ર વિશ્વ એ તેને સહર્ષ સ્વીકાર્યો.

**અને સમગ્ર વિશ્વએ વર્ષ 2023ના વર્ષને આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ તરીકે ઉજવ્યું.**

**ગુજરાત સરકારે મિલેટ્સને પ્રાધાન્ય આપતા શ્રીઅન્ન(મિલેટ)ના વપરાશને પ્રોત્સાહન આપવા બાજરી/જુવાર/રાગી (નાગલી) ની ખરીદી પર ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી ખેડૂતોને લઘુત્તમ ટેકાના ભાવ ઉપરાંત ૬300 પ્રતિ ક્વિન્ટલ પ્રોત્સાહક બોનસ ચૂકવવા ૬3૭ કરોડની જોગવાઇ આ વર્ષના બજેટમાં કરી છે.**

# <u>પંચાયત અને ગ્રામવિકાસ</u>

**<u>માનનીય અધ્યક્ષશ્રી,</u>**

**<u>મહાત્માં ગાંધીજી હંમેશા કહેતા, ખરો આત્મા ગામડાઓમાં વસે છે.</u>**

**<u>ગામનો વિકાસ થાય ત્યારે જ સમાજ, રાજ્ય અને દેશનો વિકાસ થાય.</u>**

ભારતીય જનતા પાર્ટીની સરકારે જ્યારે પણ વિકાસ કાર્યો હાથ ધર્યા, તેનો રોડમેપ બનાવ્યો હોય ત્યારે કેન્દ્રમાં હંમેશા ગામડાઓને અને ગામમાં વસતા લોકોને કેન્દ્રમાં રાખ્યા જ હોય છે.

**<u>માનનીય અધ્યક્ષશ્રી</u>**

આ વર્ષના બજેટમાં પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ માટે કુલ ૧૨,૧૩૮ કરોડની જોગવાઈ કરાઇ છે.

જેના અંતર્ગત રાજ્યના ગ્રામીણ વિસ્તારમાં વસતા લોકોના જીવનની ગુણવત્તા સુધારવા માટે સફાઇ, પાણી, આવાસ જેવી પાયાની સુવિધાઓ આપવાની સાથોસાથ ગ્રામ્ય સંસાધનોનું યોગ્ય સંચાલન અને માવજત માટે જરૂરી વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.

મહત્વાકાંક્ષી તાલુકાઓ અને જિલ્લાઓમાં અંત્યોદય પરિવારોની મહિલાઓને તાલીમ અને નાણાકીય મદદ સાથે ક્ષમતાવર્ધન કરીને "સશક્ત અને આત્મનિર્ભર" બનાવી લખપતિ બનાવવા કાર્યો હાથ ધરાશે. ગ્રામ્ય કક્ષાએ સ્વચ્છતા તેમજ સુઘડતા સુનિશ્ચિત કરવા નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત યોજનાકીય કામો સાથે જન-ભાગીદારી થકી લાંબાગાળાની વ્યવસ્થા કરવામાં આવશે.

પંચાયતી રાજ વ્યવસ્થાને વધારે અસરકારક બનાવવા અને યોજનાઓના અમલમાં ગતિ અને ગુણવત્તા લાવવા પંચાયતી રાજની સંસ્થાઓમાં ૨૦૦૦ નવી તાંત્રિક અને બિન તાંત્રિક જગ્યાઓ ઉભી કરી સમગ્ર વહીવટી માળખાને સુદ્રઢ કરવામાં આવશે.

• નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત એકત્રિત થતા ઘન અને પ્રવાહી કચરાના કાયમી નિકાલ તેમજ જાહેર સ્થળોની સફાઇના કામો માટે ૬૩૦૦ કરોડની જોગવાઈ કરાઇ છે.

**ગ્રામજનોને પણ પાકા આવાસો મળે તે માટે વડાપ્રધાનશ્રીએ પ્રતિબધ્ધતા દાખવી.**

**આ અગાઉ પણ ગામડાઓમાં આવાસ બનતા પરંતુ તેના આપણે સૌ સાક્ષી છીએ કે તેની ગુણવત્તા કેવી હતી. ટારગેટ પૂર્ણ કરવા આવાસ બની જતા પરંતુ પહેલો વરસાદ આવતા જ તેના પરિણામો સૌની સમક્ષ આવતા.**

**વડાપ્રધાનશ્રીએ સૌને આવાસની પ્રતિબદ્ધતા સાથે પ્રધાનમંત્રી આવાસ યોજના શરૂ કરી જેના અંતર્ગત ગુણવત્તા યુક્ત કામ કરીને ગ્રામજનોને પાકા આવાસ બનાવી આપવામાં આવે છે.**

**આ વર્ષના બજેટમાં પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ અંતર્ગત રૂ.૭૫૧ કરોડની જોગવાઇ કરાઇ છે.**

રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (આજીવિકા) અંતર્ગત અંદાજે ત્રણ લાખ સ્વસહાય જૂથોની રચના કરી ૩૦ લાખ પરિવારોને જોડવામાં આવેલ છે. આ યોજના માટે રૂ.૨૬૨ કરોડની જોગવાઇ કરાઇ છે.

**શહેરી વિસ્તારમાં ફળિભૂત થતા ઉદ્યોગોને તો હંમેશા થી પ્રાધાન્ય મળતું પરંતુ અમારી સરકારે ગ્રામ્ય ક્ષેત્રે સ્થાપિત થતા નાના ઉદ્યોગોના વિકાસને પણ કેન્દ્રમાં રાખીને તેમને સહાય રૂપ થવા કાર્યો  હાથ ધર્યા છે.**

- **ઉદ્યોગોને અપાતા વેન્ચર કેપિટલના ધોરણે ગ્રામ્ય વિસ્તારના સામાજિક સાહસોને પ્રોત્સાહન આપવા માટે “ગુજરાત સોશિયલ એન્ટરપ્રાઇઝ ફંડ”ની રચના કરવામાં આવશે જે માટે આગામી ૫ વર્ષમાં રૂ.૬૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આગામી વર્ષ માટે ૧૦ કરોડની જોગવાઇ કરાઇ છે.**

## શહેરી વિકાસ

**માનનીય અધ્યક્ષશ્રી,**

ફક્ત ગુજરાત જ નહીં સમગ્ર દેશ અને વિશ્વમાં આજે શહેરીકરણ વધી રહ્યું છે.

**ગુજરાતમાં પણ અંદાજીત 50 % જેટલી વસ્તિ શહેરી વિસ્તારમાં વસવાટ કરે છે. જે વર્ષ 2047 સુધીમાં 70 % જેટલો થવાનો અંદાજ છે.**

વધતા જતા શહેરીકરણને ધ્યાને લઇ શહેરોનો વિકાસ, ત્યાં સેવા-સુવિધાઓ અને સવલતોનો હોલેસ્ટિક વિકાસ અમે આદર્યો છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે કુલ રૂ.૨૧,૬૯૬ કરોડની જોગવાઈ કરાઇ છે.

શહેરી આયોજન અને વહીવટમાં ગુણાત્મક સુધારા થાય એ આજના ઝડપથી વધતા જતા શહેરીકરણની માંગ છે.

શહેરો લોકો માટે ફક્ત વસવાટના કેન્દ્રો નહીં પરંતુ આર્થિક વિકાસ માટે પણ મહત્વના છે. શહેરના આયોજનબધ્ધ વિકાસ દ્વારા ઇઝ ઓફ લિવિંગમાં વધારો કરવા સરકાર દ્રઢ નિશ્ચયી છે.

**અને એટલે જ આ વર્ષના બજેટમાં નવસારી, ગાંધીધામ, મોરબી , વાપી, આણંદ,મહેસાણા અને સુરેન્દ્રનગર / વઢવાણને નગરપાલિકામાંથી રૂપાંતરિત કરીને મહાનગરપાલિકાનો દરજ્જો આપવાનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની સરકારે નક્કી કર્યું છે.**

શહેરોમાં માર્ગો, પુલો, પાણી પુરવઠો, ગટર-વ્યવસ્થા, આરોગ્ય અને પરિવહન જેવી માળખાકીય સગવડોને સુદ્રઢ કરવામાં આવશે.

શહેરી વિસ્તારમાં જળવાયુ પરિવર્તનના પડકારો સાથે પ્રાકૃતિક આપદાઓ તેમજ અગ્નિશમનની સેવાઓ પૂરી પાડવા તંત્રની સક્ષમતાને વધારવામાં આવશે. શહેરી ગરીબોને આવાસની સુવિધા ઉપલબ્ધ કરાવવા પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) અંતર્ગત બાકી રહેતા લાભાર્થીઓ માટે સમયબદ્ધ રીતે કામ કરવામાં આવશે.

ઇન્ફોર્મેશન ટેકનોલોજીની મદદથી વિવિધ યોજનાઓનો અસરકારક અને પારદર્શી રીતે અમલ કરી સ્થાનિક શહેરી સંસ્થાઓનો વહીવટ વધુ સુદ્રઢ બનાવવામાં આવશે. ટાઉન પ્લાનિંગ અને બાંધકામ નિયમોના અમલીકરણ માટે કમ્પ્યુટર આધારિત વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

• સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના થકી શહેરી વિસ્તારમાં માળખાકીય સગવડો માટે રૂ. ૮૬૩૪ કરોડની જોગવાઈ. કરાઇ છે.

● AMRU

T 2.0 હેઠળ પાણી પુરવઠા, ડ્રેનેજ સિસ્ટમ, તળાવોના વિકાસ, પરિવહન વ્યવસ્થા વગેરે માટે રૂ. ર૦૦૦ કરોડની જોગવાઈ કરાઇ છે.

● અમદાવાદ અને સુરત શહેરમાં ગુજરાત મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે રૂ.૧૮૦૦ કરોડની જોગવાઈ.

• પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ શહેરી ગરીબોને ઘર આપવા માટે રૂ.૩ર૩ કરોડની જોગવાઈ.

● શહેરી વિસ્તારોને રેલ્વે ક્રોસિંગ મુક્ત બનાવવાના અભિયાન હેઠળ ઓવરબ્રિજ/અંડર બ્રિજ બાંધવા માટે રૂ.૫૫૦ કરોડની જોગવાઈ.

● સ્વચ્છ ભારત મિશન અને નિર્મળ ગુજરાત ૨.૦ હેઠળ પ્રવાહી અને ઘન કચરાનું યોગ્ય વ્યવસ્થાપન કરવા માટે ૫૪૫ કરોડની જોગવાઈ.

## ગિફ્ટ સિટી

**ગિફ્ટ સિટી ગ્લોબલ ફાયનાન્સ હબ તરીકે ઉભરી રહેલ છે. ૯૦૦ એકરથી ૩૩૦૦ એકરમાં વિસ્તરણ કરી ગિફ્ટ સિટીને પ્લાન્ડ ગ્રીન સિટી તરીકે વિકસાવવામાં આવશે. જેનાથી સમગ્ર વિશ્વમાં ગિફ્ટ સિટીની "સપનાનાં શહેર" તરીકે આગવી ઓળખ પ્રસ્થાપિત થશે.**

**ગિફ્ટ સિટીમાં સૂચિત વિકાસ કાર્યોને પરિપૂર્ણ કરીને "વોક ટુ વર્ક" "લિવ-વર્કપ્લે કમ્યુનિટી" ની કલ્પના સાકાર થશે.**

**આ વિકાસ કાર્યોમાં ૪.૫ કિ.મી. લાંબો રિવરફ્રન્ટ, રીક્રીએશનલ ઝોન, શૈક્ષણિક સંસ્થાઓ, આરોગ્યલક્ષી સવલતો, મેટ્રો કનેક્ટિવિટી તથા સેન્ટ્રલ પાર્કની સુવિધાઓનો સમાવેશ થશે.**

- **ગાંધીનગર ગિફ્ટ સિટી નજીક સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટની કામગીરી માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઈ.**

## માર્ગ અને મકાન

માનનીય અધ્યક્ષશ્રી,

ગુજરાત આજે ઉદ્યોગકારો માટે નિવેશનું કેન્દ્ર બન્યું છે તેમાં પોલીટીકલ સ્ટેબિલીટી, સસ્ટેનેબીલીટી, ઇઝ ઓફ ડુંઇગ બિઝનેશ ઉપરાંત રોડ-રસ્તા, પરિવહન સેવાઓની કનેક્ટીવીટી પણ મહત્વનું પરિબળ બન્યું છે.

ગુજરાતની ઇન્ટર કનેક્ટવીટી,માર્ગ પરિવહન અને રસ્તાઓ આજે લોકોની સુખાકારીમાં વધારો કરી રહ્યા છે.

ઓવરબ્રિજ, અંડર પાસ, સ્ટેટ હાઇવે, ગ્રામ સડકોનું સમગ્ર માળખું આજે સુનિયોજીત શહેર વ્યવસ્થા ઉપરાંત રાજ્ય વ્યવસ્થાનું શ્રેષ્ઠ ઉદાહરણ પ્રસ્થાપિત કરે છે.

આ સેવાઓમાં ઉત્તરોઉત્તર વધારો કરવા માટે આ વર્ષના બજેટમાં માર્ગ અને મકાન વિભાગ માટે કુલ રૂ. ૨૨,૧૬૩ કરોડની જોગવાઈ કરાઇ છે.

રાજમાર્ગો લોકોની સુખાકારી તથા રાજયના વિકાસ માટે ધોરી નસ સમા છે. રાજયે અંતરિયાળ વિસ્તારથી માંડી વિકાસના કેન્દ્રો સમા ઔદ્યોગિક વસાહતો, બંદરો, શહેરો અને પર્યટન સ્થળો સુધી રસ્તાઓની જાળ પાથરેલ છે.

આગામી સમયમાં રસ્તાઓની ગુણવત્તા, હયાત બ્રિજની ચકાસણી તથા સુદ્રઢીકરણ અને વધુ ટ્રાફિક ધરાવતા વિસ્તારો માટે હાઇ સ્પીડ કોરિડોરનું નિર્માણ કરવાની સરકારની પ્રાથમિકતા છે.

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત કામો માટે રૂ.૫૦૦૦ કરોડની જોગવાઇ કરાઇ છે.

દરિયાકાંઠે આવેલ હયાત રસ્તાઓનું મજબૂતીકરણ/અપગ્રેડેશન/ ખૂટતીકડીના રસ્તાઓ અને નાના મોટા પુલના બાંધકામ સહિતના કોસ્ટલ હાઇવે માટે રૂ.૨૪૪૦ કરોડના આયોજન અન્વયે પ્રથમ અને બીજા તબક્કાના કુલ ૪૬ રસ્તાઓ અને પુલો માટે રૂ.૯૭૯ કરોડની કામગીરી પ્રગતિ હેઠળ. જેના માટે રૂ.૨૧૬ કરોડની જોગવાઈ કરાઇ છે.

- **સાપુતારાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી (એકતાનગર)ને જોડતા પ્રથમ અને બીજા તબક્કાના રસ્તાઓ માટે રૂ.૨૮૪ કરોડની કામગીરી પ્રગતિ હેઠળ. જેના માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઈ કરાઇ છે.**

• ભારે ટ્રાફિક ધરાવતા હાઈવેને હાઈસ્પીડ કોરીડોર તરીકે અંદાજિત રૂ.૩૧૦૦ કરોડના ખર્ચે વિકસાવવા રાજય સરકારે નિર્ણય કરેલ છે.

આ નિર્ણયના ભાગરૂપે વટામણ પીપળી, સુરત - સચિન – નવસારી, અમદાવાદ – ડાકોર, ભુજ –ભચાઉ, રાજકોટ - ભાવનગર, મહેસાણા – પાલનપુર સહિત ૬ હાઇસ્પીડ કોરીડોર વિકસાવવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે. જેના માટે રૂ.૨૨૨ કરોડની જોગવાઈ કરાઇ છે.

• જૂના પુલોના પુનઃ બાંધકામ, મજબુતીકરણ, મરામત અને રેટ્રોફિટીંગના રૂ.૫૩૦ કરોડના કામો માટે રૂ.૨૭૦ કરોડની જોગવાઈ.

## પ્રવાસન

## માનનીય અધ્યક્ષશ્રી,

અમારી સરકારે માળખાકીય સુવિધાઓ, સર્વિસ સેક્ટર, ખેતી, ઉદ્યોગોની સાથે સાથે પ્રવાસન ક્ષેત્રનો પણ બહુઆયામી વિકાસ હાથ ધર્યો છે.

રાજ્યના પ્રવાસન ક્ષેત્રો આજે ગુજરાતનું ગૌરવ બનવાની સાથે રોજગારીની તકો ઉભી કરનારૂ બન્યું છે.

**<u>ગુજરાતની ધરોહરો વિશ્વ વિરાસતમાં પણ સ્થાન મેળવી રહી છે.</u>**

**<u>ધોરડોની વાત હોય કે પછી આપણા ગરબા,</u>** અમદાવાદને વિશ્વ હેરીટેજ સીટીની વાત હોય કે પછી ધોળાવીરા આ તમામ ધરોહર આપણી સંસ્કૃતિ, આપણું કલ્ચર આજે વિશ્વ વિરાસત બન્યું છે.

રાજ્ય સરકારે પણ આપણા પ્રવાસન સ્થળોના હોલિસ્ટિક વિકાસ બનાવવા  આ વર્ષના બજેટમાં રૂ. 2098 કરોડની જોગવાઇ કરી છે.

અયોધ્યા ખાતે ગુજરાત યાત્રી નિવાસ માટે રૂ. 50 કરોડના આયોજન પૈકી રૂ. 10 કરોડની જોગવાઇ કરાઇ છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પ્રાપ્ત બ્લુ ફ્લેગ શિવરાજપૂર બીચ ખાતે રૂ. 200 કરોડના કામ પ્રગતિ હેઠળ છે.

**વર્ષ 2023 માં ગુજરાતના વિવિધ પ્રવાસન સ્થળોએ રાજ્ય અને રાજ્ય બહારના 17.65 કરોડ અને 24.09 લાખ જેટલા વિદેશી પ્રવાસીઓએ મુલાકાત લીધી.**

## જળસંપત્તિ

માનનીય અધ્યક્ષશ્રી,

**હર ઘર કો પાની, હર ખેત કો પાની**

સિંચાઇ અને પિવાના પાણી ક્ષેત્રે ગુજરાતના ભૂતકાળમાં નજર કરીશું ત્યારે વર્તમાન પરિસ્થિતિ કેટલા અંશે શ્રેષ્ઠ છે તેનો અંદાજો લગાવી શકાય.

પીવાના પાણી માટે બેડા યુધ્ધ થાય, ગામડે ગામડે ટેન્કર દ્વારા પાણી પહોંચાડવામાં આવે, અરે કચ્છ જેવા વિસ્તારોમાં તો સ્પેશ્યલ ટ્રેન ચલાવીને પાણી પહોંચાડવા સુધીની પરિસ્થિતિ આપણે સૌએ જોયેલી છે.

**આ તો ભારતી જનતા પાર્ટીની સરકારે આદરેલા વિકાસનું જ પરિણામ છે કે આજે ગામે ગામ, ઘરે ઘરે નળી થી જળ પહોંચ્યું છે.**

સિંચાઇ માટે પાઇપલાઇનથી પાણી પહોંચ્યું છે. ગામના ખેતરોમાં નહેર થી પાણી પહોંચ્યું છે.

નર્મદાનું પાણી ગામે ગામ પહોંચ્યું છે.

મોટા ડેમથી તળાવો અને ખેત તલાવડી સુધી વિવિધ યોજનાઓ થકી જળ સંગ્રહની કામગીરી પૂરી કરી ગુજરાતે જળસંચયના ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી કરેલ છે.

ઉપલબ્ધ પાણીનો કરકસર ભર્યો ઉપયોગ કરવા તેમજ ઘરેલું વપરાશ માટે પાણી ઉપલબ્ધ કરાવવા રાજયમાં પાણી વિતરણનું વિશાળ માળખુ ઉભું કરવામાં આવેલ છે.

ઉપલબ્ધ જળસંપત્તિનો કાર્યક્ષમ ઉપયોગ કરવા સૂક્ષ્મ સિંચાઇનો વ્યાપ વધારવામાં આવશે.

જેને અનુલક્ષીને  જળસંપત્તિ પ્રભાગ માટે આ વર્ષે રૂ.૧૧,૫૩૫ કરોડની જોગવાઇ કરાઇ છે.

• કચ્છમાં નર્મદાના પૂરના વધારાના એક મિલિયન એકર ફીટ(1MCF) પાણીનું વિતરણ કરવા માટે પ્રથમ તબક્કે ત્રણ પાઈપલાઈન યોજનાના કામો રૂ.૪૧૧૮ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે .

તથા બીજા તબક્કામાં અંદાજિત રૂ.૨૨૫૫ કરોડની બે પાઈપલાઈનના કામો આયોજનમાં લીધેલ છે.

• નર્મદાના પૂરના વધારાના એક મિલિયન એકર ફીટ પાણીથી સૌરાષ્ટ્રના ૧૧૫ જળાશયો જોડવા માટેની સૌની યોજના પૂર્ણતાના આરે છે તેમાં બાકી રહેતી કામગીરી માટે રૂ.૪૩૨ કરોડની જોગવાઈ કરાઇ છે.

• પ્રગતિ હેઠળની અંદાજિત રૂ.૭૧૧ કરોડના ખર્ચની તાપી-કરજણ લીંક પાઇપલાઇન માટે રૂ.૨૨૦ કરોડની જોગવાઇ.

• ખેરાલુ અને સતલાસણા તાલુકાના તળાવોને ભરવા માટેની પાઇપલાઇનની કામગીરી માટે રૂ.૧૫૦ કરોડની જોગવાઈ.

• ચેકડેમ, તળાવો ઉંડા કરવા અને નવા બનાવવા જળસંચય યોજનાઓના કામો માટે રૂ.૨૩૬ કરોડની જોગવાઇ.

## સરદાર સરોવર યોજના

ગુજરાતની સમૃદ્ધિમાં નર્મદા યોજનાનું યોગદાન અમૂલ્ય છે. આ યોજના થકી સિંચાઇ, જળવિધુત ઉત્પાદન, પીવાના પાણી અને ઔધોગિક વપરાશના પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે.

જેથી રાજયમાં આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને આરોગ્ય સબંધી સૂચકાંકોમાં હકારાત્મક પરિવર્તન આવેલ છે. આ યોજના માટે રૂ.૪૭૯૮ કરોડની જોગવાઈ.

• કચ્છ અને સૌરાષ્ટ્ર શાખા નહેરના પમ્પિંગ સ્ટેશનના વિસ્તરણ, જાળવણી અને સંચાલન માટે રૂ.૭૬૫ કરોડની જોગવાઈ.

• નર્મદા યોજનાના કમાન્ડ એરિયામાં નહેરના વિસ્તરણ-વિકાસના કામો માટે ૫૯૦ કરોડની જોગવાઈ.

• અમદાવાદ જિલ્લાનાં નળકાંઠાના વિસ્તારમાં સિંચાઇ સુવિધા સુદ્રઢ કરવા રૂ.૩૦૦ કરોડની જોગવાઈ.

● નર્મદા મુખ્ય નહેર પર વધારાના સ્ટ્રકચર તેમજ જાળવણીની કામગીરી માટે રૂ.૧૮૬ કરોડની જોગવાઈ.

• ગરૂડેશ્વર વિયર તથા વિવિધ શાખા નહેરો પરના વીજ મથકો તેમજ એકતાનગર ખાતેના જળ વિદ્યુત મથકોના જાળવણી અને મરામત માટે ૨૧૩૬ કરોડની જોગવાઈ.

## પાણી પુરવઠા

પાણી પુરવઠા પ્રભાગ માટે  રૂ.૬૨૪૨ કરોડની જોગવાઇ કરાઇ છે.

રાજયના અંતરિયાળ વિસ્તારથી માંડી શહેરી વિસ્તારોની જળસુરક્ષા માટે નિયમિત ધોરણે પૂરતા પ્રમાણમાં પાણી ઉપલબ્ધ કરાવવા શરૂ કરેલ વોટરગ્રીડના સારા પરિણામો મળ્યા છે.

આજે વોટરગ્રીડના કારણે મહિલાઓને દૂરથી પાણી લાવવાની પળોજણમાંથી મુક્તિ મળી છે. સારી ગુણવત્તાના સરફેસ વોટર મળતા લોકોના આરોગ્યમાં નોંધપાત્ર સુધારો જોવા મળી રહેલ છે.

નલ સે જલ યોજના અંતર્ગત દરેક ઘરને પીવાનું પાણી ઉપલબ્ધ થાય તે સિદ્ધિ હાંસલ કરી ગુજરાતે આ દિશામાં નવા સીમાચિહ્નો અંકિત કર્યા છે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં પીવાના પાણીના માળાખાને સુદ્રઢ કરવા અને કેનાલ ઉપરની નિર્ભરતા ઓછી કરવા માટે ઢાંકીથી માળીયા સુધી બીજી સમાંતર પાઇપલાઇન રૂ.૧૨૦૦ કરોડના ખર્ચે નાખવાની યોજના હાથ ધરાશે.

• આદિજાતિ વિસ્તારના કુલ ૧૪ જિલ્લાઓના ૫૦૬૨ ગામોને સરફેસ સોર્સ આધારિત જુથ યોજનાઓમાં આવરી લેતી અંદાજિત ૬૫૦૦ કરોડની સુધારણા તથા નવીન જુથ યોજનાના કામો પ્રગતિ હેઠળ.

• આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ રૂ.૧૧૨૨ કરોડની જોગવાઇ.

• ડાંગ જિલ્લાના કુલ ૨૭૬ ગામો તથા ૩ તાલુકાનો સમાવેશ કરતી ડાંગ જિલ્લાની જુથ પાણી પુરવઠા યોજના અંદાજિત રૂ.૮૬૬ કરોડના ખર્ચે હાથ ધરવાનું આયોજન.

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના ૨૩ ગામોનો સમાવેશ કરતી દમણગંગા બલ્ક પાઈપ લાઈન આધારીત ધરમપુર જૂથ પાણીપુરવઠા યોજના પેકેજ-૨ નું અંદાજિત ૬૧૦૭ કરોડના ખર્ચે આયોજન.

● સૌરાષ્ટ્ર વિસ્તારમાં પીવાના પાણીની જરૂરીયાતને પહોંચી વળવા તેમજ માળિયા તથા વલ્લભીપુર નર્મદા બ્રાંચ કેનાલ ઉપરની નિર્ભરતા ઘટાડવા માટે ઢાંકીથી માળીયા, નાવડા-બોટાદ-ગઢડા-ચાવંડ, બુધેલ-બોરડા, ચાવંડ-ધરાઇ-ભેંસાણ અને ચાવંડ-લાઠી બલ્ક પાઇપલાઇનનું આયોજન કરેલ છે.

## સૂક્ષ્મસિંચાઇ

• ખેડૂતોને ડ્રીપ અને સ્પ્રીંકલર સિસ્ટમ વસાવવા માટે સહાય આપવા ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની હેઠળ ૨૫૦૦ કરોડની જોગવાઇ.

• ભારત સરકાર સહાયિત ૬૭૫૦ કરોડની અટલ ભૂજલ યોજના અંતર્ગત સૂક્ષ્મ સિંચાઇ માટે સહાય આપવા ૬૨૦૦ કરોડની જોગવાઇ.

## સામાન્ય વહીવટ વિભાગ અને આપત્તિ વ્યવસ્થાપન

માનનીય અધ્યક્ષશ્રી,

આપત્તિ વ્યવસ્થાપન અને કુદરતી પડકારોના વહીવટી કુનેહ અને સુચારૂ વ્યવસ્થાપન સાથે કેમનો સામનો કરવો તે ગુજરાતે સમગ્ર દેશ-વિશ્વને શિખવ્યું છે.

તાજેતરમાં આવેલ બિપરોજય વાવાઝોડામાં સમગ્ર સરકારે, સામાજીક સંસ્થાઓ અને સેવાભાવી લોકોએ એકજૂટ થયેલી કામગીરીના પરીણામે આપણે ઝીરો કેઝ્યુલ્ટી ના ધ્યેય મંત્રને સિધ્ધ કરવામાં આપણે સફળ રહ્યાં છીએ.

જેની સરાહના રાજ્ય ઉપરાંત દેશમાં પણ થઇ છે.

રાજ્યમાં કચ્છનું ભુકંપ હોય, તાઉતે વાવાઝોડું કે અન્ય કોઇ પણ પ્રકારની કુદરતી આપદા, આફત ને અવસરમાં પલટવાનો આપણા ગુજરાતીઓનો મિજાજ રહ્યો છે.

## કાયદા વિભાગ

ન્યાયાલય એ બંધારણીય મૂલ્યોનું જતન કરતા સાચા મંદિરો છે. રાજ્યના છેવાડાના માનવીને ઘર આંગણે ઝડપી ન્યાય સુવિધા મળી રહે તે દિશામાં અમારી સરકારે પ્રયત્નો હાથ ધર્યા છે.

રાજ્ય ન્યાયતંત્રનું અત્યાધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર, તકનીકી ઉપયોગના કારણે સમગ્ર ન્યાયવ્યવસ્થા અને કાર્યપ્રણાલી સરળ અને જનપ્રિય બની છે.

કોર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ડિજીટલ કોર્ટ, ઇ – કોર્ટ જેવા અભિગમના પરીણામે આજે પ્રજાને ગુડ-ગવર્નન્સની પ્રતિતી થઇ રહી છે.

આ વર્ષે રાજ્ય સરકારે કાયદા વિભાગ માટે રૂ. 2559 કરોડની ઐતિહાસિક ફાળવણી કરીને આ સેવા-સુવિધાઓને વધું સુદ્રઢ બનાવવાનો નિર્ધાર કર્યો છે.

વિવિધ કોર્ટ સ્તરે બિલ્ડીંગના બાધંકામ ઉપરાંત , ન્યાયિક અધિકારીઓ અને સ્ટાફના રહેઠાણ મકાનો માટેની જોગવાઇ

હાઇકોર્ટના ઇ-કોર્ટ મિશન મોડ પ્રોજેક્ટ અંતર્ગત ડિજીટલાઇઝેશન માટેની જોગવાઇ

80 નવીન ફેમીલી કોર્ટ સ્થાપવાની જોગવાઇ કરાઇ છે.

વધુમાં રાજ્યના વકીલોના કલ્યાણ માટે ગુજરાત રાજ્ય બાર કાઉન્સીલને રૂ. 5 કરોડની સહાય આપવાનું પણ નક્કી કરાયું છે.

માનનીય અધ્યક્ષશ્રી,

આજે આ ગૃહમાં થયેલ અંદાજપત્રની વિવિધ જોગવાઇઓ પરની ચર્ચા ફક્ત ચર્ચા નથી

પરંતુ આ તમામ જોગવાઇ ગુજરાત થકી ભારતને દેશને વર્ષ 2047 સુધીમાં વિકસીત બનાવવા માટેની કટિબધ્ધતા છે

રાજ્ય સરકારનું આ બજેટ

- **યુવાનોની આંકાક્ષાઓને પૂર્ણ કરતું બજેટ છે**
- **મહિલાઓની ઉન્નતિ સાથે સલામતી અને સુરક્ષામાં વધારો કરતું બજેટ છે**
- **ખેડૂતોની સુખાકારીમાં વધારો કરતું બજેટ છે**

- આરોગ્ય અને શિક્ષણ વ્યવસ્થાને ટેકનોલોજીયુક્ત અને વધુ સુદ્રઢ બનાવતું બજેટ છે
- રાજ્યના ઉદ્યોગોને નવીન ઉંચાઇએ લઇ જતુ બજેટ છે
- આમ ખરા અર્થમાં “સર્વજનહિતાય, સર્વજનસુખાય”ના સુત્રને ચરિતાર્થ કરતું સર્વસમાવેશી આ બજેટ છે જેને હું ફરી વખત આવકારૂ છું.

.........................................